# નાયબ નિયામકઅનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

ખાદી ગ્રામ ઉદ્યોગ, ત્રીજો માળ

રાવપુરા,વડોદરા

EmailID :-dswo-vad@gujarat.gov.in    ફોન નં. ૦૨૬૫ - ૨૪૩૫૬૨૧


નં.નાનિ/અજાક/વડો/પો.મે.શિ/૨૦૨૬-૨૭/ ૨૬૦૩    તા.૦૭/૦૭/૨૦૨૬

આચાર્યશ્રી,

Anm

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 3081
તારીખ 13/7/26
સહી
કચેરીની સહી ...........

**વિષય:** વર્ષ ૨૦૨૫-૨૬ની શિષ્યવૃતિની કામગીરી પૂર્ણ કરવા બાબત તેમજ આચાર્યશ્રીઓએ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવા બાબત

સંદર્ભ - નિયામક, અનુ.જાતિ કલ્યાણ કચેરીના પત્ર ન.અજાક/ગ-૧/૫/૨૬-૨૭/૨૧૮૬-૨૨૧૮ ના તા.૦૭/૦૭/૨૦૨૬ ના પત્ર અન્વયે.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના ધોરણ ૧૧ થી ૧૨ અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ માટે ડિજિટલ ગુજરાત મારફતે શાળા/કોલેજ દ્વારા વિદ્યાર્થીઓની દરખાસ્ત અત્રેની કચેરીને મેળવીને શિષ્યવૃતિ આપવાની યોજના અમલમાં છે. હાલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ પૂર્ણ થયેલ છે. હજુ પણ વર્ષ ૨૦૨૫-૨૬માં આચાર્ય કક્ષાએ ઘણા-બધા વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની અરજી પેન્ડિંગ જણાય આવે છે. અત્રેની કચેરી દ્વારા શાળા/કોલેજોને ટેલિફોનિક સપર્ક વાટસઅપ ગ્રુપ દ્વારા વારંવાર અરજી મોકલવા જણાવેલ છે છતાં હજુ સુધી મોકલેલ નથી જેથી વડોદરા જિલ્લાની કામગીરી નબળી જોવા મળેલ છે અને વારંવાર ઉચ્ચ કક્ષાએથી ટાર્ગેટ પૂર્ણ કરવા ટકોર કરવામાં આવે છે. ઉક્ત પત્રથી મળેથી દિન-૨ આપની સ્કુલ/કોલેજોમાં ભણતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજીઓ હાયર ઓથોરીટીને સેન્ડ કરશો જેથી અનુસૂચિત જાતિના કોઇ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહે નહિ. તેમજ કોઇ અનુસૂચિત જાતિનો વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહશે તો તેની સઘળી જવાબદારી જે-તે સ્કુલ/કોલજોની રહશે. જેની જાણ થવા વિનંતી.

કેન્દ્ર સરકારશ્રીની પોસ્ટમેટ્રીક (BCK-6.1)યોજનામા ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને નિયમોનુસાર શિષ્યવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા ૪૦% અને બાકીની ૬૦% રકમ કેન્દ્ર સરકાર દ્વારા ચુકવવામાં આવે છે જે અંતર્ગત વર્ષ: ૨૦૨૫-૨૬ થી કેન્દ્ર સરકારશ્રી દ્વારા ૬૦% શિષ્યવૃત્તિ ચુકવવા માટે **તમામ શાળાઓએ HoI/INOના Aadhaar Based Biometric eKYC ફરજીયાત કરવા માટે સૂચના આપવામાં આવેલ છે** જેથી તમામ શાળા/કોલેજોના આચાર્યશ્રીઓએ પોતાના **લોગીનમાં જઇને HoI/INOનું Aadhaar Based Biometric eKYC કરવા બાબતનું ફોર્મ ફરજિયાત ઓનલાઇન ભરીને જિલ્લા કચેરીઓને સબમીટ કરવાનું રહેશે.** કેન્દ્ર સરકારની યોજનામાં કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી ૬૦% શિષ્યવૃત્તિની રકમ માટે આ ફરજીયાત છે જેથી પત્ર મળ્યે દિન- ૨માં તમામ શાળા/કોલેજોને HoI/INOનું Aadhaar Based Biometric eKYC પુર્ણ કરવા જણાવવામાં આવે છે.

8-3
પરિપત્ર 3 day
13/7/26

બિડાણ: **eKYC બાકી હોય તેવી શાળાઓની યાદી**

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
વડોદરા

<u>નકલ રવાના:</u>

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વડોદરા તરફ જાણ તથા તાબા હેઠળ આવતી તમામ ઉચ્ચતર માધ્યમિક (ધોરણ ૧૧ અને ૧૨) ને જાણ કરવા તથા ઉપરોક્ત વિગતે ઘટિત કાર્યવાહી કરવા વિનંતી છે.

ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/૭૯૨૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૧૪/૭/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.
**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**
- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા